# હેમચંદ્રાચાર્યઉત્તરગુજરાતયુનિવર્સિટી,પાટણ

**નોંધ: B.A Home Science પ્રવેશના નિયમોનો અમલ જૂન ૨૦૨૫ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી થશે.**

## (૧) પ્રવેશની લઘુતમ લાયકાત:

૧. ધોરણ- ૧૨પાસ અથવા અથવા સમકક્ષ હોવા જોઈએ.

૨.ધોરણ ૧૦ પાસ પછીનો અથવા સરકાર માન્ય પોલિટેકનિક અથવા ગૃહવિજ્ઞાનમાં ડિપ્લોમા પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

## (૨) વિષય પ્રવેશ પાત્રતા :

૧. વિનયન/ વિજ્ઞાન/ વાણિજ્ય/ ઉત્તર બુનિયાદી પ્રવાહ ધોરણ - ૧૨પાસ થયેલ વિદ્યાર્થી પ્રવેશ પાત્ર ગણાશે.

૨. Boys પણ એડમીશન લઈ શકે છે. (યુનિવર્સીટી એ મંજૂર કરેલ કુલ બેઠક ( 50) ના 20 %બેઠકો )

## (૩) મેરીટગુણ :

B.A/B.Sc Home Science અભ્યાસ પ્રવેશ મેળવેલ માટે જેમણે નિયત સમય મર્યાદામાં મેળવેલ માટે જેમણે નિયત સમય મર્યાદામાં અરજી કરી હોય અને નિયમોઅનુસાર પ્રવેશ પાત્ર ધરાવતા હોય તેવા અરજદાર ના મેરીટ ગુણ નીચે મુજબ નક્કી કરવામાં આવશે.

- ધોરણ ૧૨ના થીયરીમાં મેળવેલા માર્ક્સ.
- ટ્રાયલમાં દરેક ટ્રાયલે ૧ ગુણ માઈનસ ગણવો.
- ધોરણ ૧૨માં સરખા ગુણવાળા કિસ્સામાં ધોરણ- ૧૦ના ગુણ ધ્યાને લેવામાં આવશે.
- વિધાર્થીની જન્મ તારીખ ધ્યાનમાં લેવી.

## (૪) અનામત બેઠકો :

a. મૂળ ગુજરાતના વતની હોય તેવા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર અનામત બેઠકો રાખવામા આવી છે.

| | | |
|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિના વિદ્યાર્થી (SC) | ૭% |
| ૨ | અનુસુચિત જનજાતિના વિદ્યાર્થી (ST) | ૧૫% |
| ૩ | સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગનાવિદ્યાર્થી (OBC) (કોઈપણ રીતે જાતિની વિધવા અને અનાથ બાળકો પોતે વિદ્યાર્થી તરીકે અરજી કરે તો વધુમા વધુ ૨% લેખે) | ૨૭% |
| ૪ | માજી / ચાલુ સંરક્ષણ દળના જવાનોના સંતાન (Ex Service Man) | ૧% |
| ૫ | વિકલાંગ (દિવ્યાંગ) જે તે કેટેગરીમાથી ભરવામા આવશે. PC – (Physically Challenged) | ૫ % |
| ૬ | આર્થિક રીતે પછાત વિદ્યાર્થી માટે (બિન અનામત) | ૧૦% |
| ૭ | Sports માં નેશનલ સર્ટીફીકેટ , N.C.C. “c” સર્ટીફીકેટ , N.S.S. ખાસ શિબિર સર્ટીફીકેટ મેળવેલ વિદ્યાર્થીઓ માટે | સંખ્યા દીઠ ૨ બેઠકો ઉમેરવી |
| | | |

a. પ્રવેશ યાદીમાં એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી. કેટેગરીના અરજદારો જનરલ કેટેગરીમાં આવતા હશે તો તેમને જનરલ કેટેગરીમાં તેમજ એસ.સી./ એસ.ટી. અને ઓ.બી.સી. કેટેગરી પૈકી જે પસંદગીની જગ્યા ઉપર પ્રવેશ

મળતો હશે તે જગ્યા પર પ્રવેશ આપવામાં આવશે,તેમ થતા જનરલ મેરીટ મુજબ મળતી સીટ પરનો તેમનો અધિકાર રહેશે નહીં.

b. એસ.સી. કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તે બેઠકો એસ.ટી. કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે તેમજ એસ.ટી. કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તે બેઠકો એસ.સી. કેટેગરીના અરજદારોમાંથી ભરવામાં આવશે. તેમ છતાં એસ.સી. અને એસ.ટી. કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેતો તે બેઠકો જનરલ કેટેગરીથી ભરવામાં આવશે.

c. અનામત બેઠકોનો લાભ લેવા ઇચ્છતા અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલું જાતિનું અથવા કેટેગરીનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે,અન્યથા તેમની અરજી જનરલ કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

d. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોને સક્ષમ અધિકારીએ આપેલું ઓ.બી.સી.નું પ્રમાણપત્ર તેમજ સમૃદ્ધ વર્ગ (Creamy Layer) માંસ સમાવેશ થતો નથી, તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું 01/04/2022 પછીનું જેમાં આ પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય રહેશે તેવું જણાવેલ હોવુ જોઈએ. કે તે પછી આપેલ (પ્રમાણપત્ર) માં દર્શાવેલ સમયમર્યાદા મુજબ તે માન્ય રહેશે.) પ્રમાણપત્ર જોડવું અન્યથા તેમની અરજી જનરલ કેટેગરીની બેઠકો માટે જ ગણવામાં આવશે.

e. વિધવા અરજદારે તેમના પતિના મૃત્યુ અંગેનો દાખલો તથા તેમણે પુનઃલગ્ન કરેલ નથી તેવું ફસ્ટકલાસ મેજિસ્ટ્રેટ સમક્ષનું તાજેતરનું સોગંદનામુ રજૂ કરવાનું રહેશે.

f. અનાથ બાળકોએ સમાજકલ્યાણ અધિકારી પાસેથી અનાથ અંગેનું તાજેતરનું (લેટેસ્ટ) પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે.

g. આર્થિક રીતે પછાત બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે.

## (૫) <u>દિવ્યાંગો માટે અનામત :</u>

૧. દિવ્યાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીના ૫% બેઠકો અનામત રાખવામાં આવશે. આપ % બેઠકો બિનઅનામત, અનુસૂચિતજાતિ,અનુસૂચિતજનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી જે તે કેટેગરીમાં સમાવી લેવામાં આવશે.

૨. દિવ્યાંગ ઉમેદવારોએ સિવિલ સર્જન અને સિવિલ સર્જન ન હોય તો રેસીડેન્ટ મેડિકલ ઓફિસરની સહી કરેલ ૪૦%થી વધુ દિવ્યાંગતા હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી સાથે જોડવાનું રહેશે.

૩. દિવ્યાંગ કેટેગરીમાં ૧% અંધ અને અલ્પદ્રષ્ટિ અરજદારોનો સમાવેશ કરવામાં આવતો નથી,માટે તેમણે તેમની અરજી પર અંધ/અલ્પદ્રષ્ટિ અરજદાર એમ લખવું. તેમણે ૧૯૯૫ ના ડિસએબિલિટીએક્ટના ચેપ્ટર૧ નીકલમ ૨ (B)મુજબ સિવિલ સર્જન પાસેથી અંધ/અલ્પદ્રષ્ટિ અંગેનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે.


## (૬)<u>ચાલુ/માજી સંરક્ષણ દળના જવાનોના સંતાનો માટે અનામત :</u>

કેન્દ્ર સરકારના લશ્કરી અને અર્ધલશ્કરીદળોના ચાલુ તેમજ માજીસૈનિક તેમજ ગુજરાત રાજ્યના આવા પ્રકારના દળોના જવાનોના સંતાનો માટે પ્રવેશના હેતુસર ૧% બેઠકો અનામત રાખવાની રહેશે. આવા અરજદારોએ ચાલુ અથવા માજી

સંરક્ષણદળના જવાનોના સંતાનો છે તેમતલબનું માજી સૈનિક જિલ્લા વેલ્ફેરબોર્ડનું સક્ષમ અધિકારીએ આપેલું તાજેતર (લેટેસ્ટ) નું પ્રમાણપત્ર અરજીની સાથે અવશ્ય જોડવાનું રહેશે,અન્યથા તેમને જનરલ કેટેગરીમાં ગણવામાં આવશે.

**(૭) <u>ફી અંગે :</u>**

ગુજરાત સરકાર અને યુનિવર્સિટી જે ફીનક્કી કરશે તે ફી વિદ્યાર્થીએ ભરવાની રહેશે.



(ડો. વી.સી. પટેલ )
ડીન, હોમસાયન્સ ફેકલ્ટી
હેમ. ઉત્તર ગુજ. યુનીવર્સીટી, પાટણ